ક્રિ. કેસ નં.૩૧૫૨/૨૦૨૧

## ૮ માં એડી. સિવીલ જજ અને જ્યુ. મેજી.ફ.ક., વડોદરા

**શ્રી સરકાર** ......... **ફરીયાદી**

વિ.

**ઇમરાન યુસુફભાઈ સૈયદ** .......... **આરોપી**

**આંક ૧ લગત હુકમ**

સદર કામે આરોપી સામે પ્રોહી એકટની કલમ **૬૬(૧)બી,૮૫(૧)** મુજબનુ ચાર્જસીટ આ કામે રજુ કરવામા આવેલ છે. આરોપીને સમન્સ કરતા આજરોજ આરોપી હાજર રહેલ છે. આજરોજ સ્પે. સીટી ના પાવર્સ આ કોર્ટને આપવામાં આવેલ છે. આરોપીને ગુન્હા બાબતે આરોપી પોતાની મરજી અને સ્વેચ્છાએ સદર ગુનો કબુલ કરવાનુ જણાવે છે અને તે બાબતે તેઓએ પોતાની ગુના કબુલાત પુરસીસ પણ આ કામે રજુ રાખેલ છે તેની વિગતો વંચાણે લેતા આરોપી સ્વેચ્છીક કબુલાત કરતા હોવાનુ ફલીત થાય છે આરોપીને આઈડેન્ટીફાઈ કરવામા આવેલ છે આરોપી સામેનુ ચાર્જસીટ જોતા આરોપીનો કોઈ ગુનાહીત ઈતીહાસ હોવાનુ ફલીત થતુ નથી કેસના સંજોગો આરોપીની કેફીયત અને તેની કૌટુંબીક જવાબદારી ને ધ્યાને લેતાં તથા તે સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોઈ તે તમામ હકીકત ને ધ્યાને લેતાં અને આ કામે ગુનાની ગં ભીરતા અને કાયદામાં ફરમાવેલ ગુના ની સજાની જોગવાઈ ને ધયાને લેતાં ન્યુનતમ સજા બાબતની જોગવાઈ કરવામાં આવેલ છે. પરતુ તે તમામ હકીકત ની સાથે સાથે આરોપીની વર્તણુક અને તેની સામે અન્ય કોઈ ગુના નોધાયેલા હોય તેવુ હાલ કોઈ પુરાવો આ કામે ચાર્જસીટ સાથે રજુ રાખેલ ન હોય તે તમામ હકીકત અને આરોપીની આર્થિક તેમજ કૌટૂંબીક પરિસ્થિતિ અને જવાબદારીને ધ્યાને લેતાં તેમજ નામદાર વડી અદાલતના નટવર હરચંદ વિ. સ્ટેટના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાત ને ધ્યાને લેતાં કોર્ટ કેસના સંજોગો અને આરોપીની સ્થિતી ને ધ્યાને લઈ ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકવાને સક્ષમ છે તેવા નામદાર વડી અદાલતના અવલોકનને ધ્યાને લેતા અને હાથ પરના કેસના સજોગો જોતા તે આ કેસમા લાગુ પાડી શકાય તેમ હોવાનુ આ કોર્ટનુ માનવુ હોઈ આરોપીને કાયદામાં ફરમાવેલ ન્યુનતમ સજા ને બદલે ઓછી સજા કરવામાં આવે તો યોગ્ય અને ન્યાયોચીત જણાશે તેવુ આ કોર્ટનુ માનવુ હોઈ ન્યાયના હીતને ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**:: હુકમ ::**

આરોપી ને મજકુર ગુના સબબ સી.આર.પી.સી કલમ ૨૫૨ અન્વયે તકસીર વાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને **રુા. ૧૦૦/– (અંકે રુપિયા સો પુરા)** ભરપાઈ કરવાનો હુકમ ફરમાવુ છુ. જો આરોપી દંડની રકમ ભરવામા ઈન્કાર કરે તો વધુ દિન ૧ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવુ છુ.

મુદામાલનો અગાઉ જો કોઈ વચગાળાના તબકકે હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે. અને બાકીના મુદામાાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

આજ તારીખ:૧૦ , માહે– જુલાઈ , સને–૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

વડોદરા
તા. ૧૦/૦૭/૨૧

(એસ. એસ. બારઠ)
૮ માં એડી.સીવીલ જજ અને
જ્યુ. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
વડોદરા
કોડ નં.જી.જે.૦૧૫૭૩

પાવતી નં ................
રૂપિયા. ૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા)
તા. ૧૦/૦૭/૨૧

નાઝીર
ચિફ જ્યુડી.મેજી.કોર્ટ
વડોદરા